# ધોળાકુવા જાનમાં આવેલા બાળકને આઈશર ચાલકે કચડી નાંખ્યો

**બાળક ગુમાવનાર જાનૈયાઓએ આઈશરનો પીછો કરી ડ્રાઈવરને લવારપુર પાસેથી પકડીને ઢોર માર માર્યો ડ્રાઈવર હોસ્પિટલમાં દાખલ : આઈશરમાં મામેરૂ ભરીને ડ્રાઈવર તારાપુરથી ડભોડા જઈ રહ્યો હતો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામમાં વણઝારા સમાજના એક લગ્નમાં અમદાવાદથી આજે સવારે જાન આવી હતી. જાનૈયા ઉતરીને ગામ તરફ જતા હતા ત્યારે ૮ વર્ષના એક બાળકને બેફામ ગતિએ નિકળેલા આઈશર ટ્રકે અડફેટે લઈ કચડી નાંખતા તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થઈ ગયુ હતુ. બાળક ગુમાવનાર જાનૈયાઓએ આઈશરનો પીછો કરી લવારપુર પેટ્રોલપંપ નજીકથી પકડી તેના ડ્રાઈવરને ઢોર માર મારતાં તેને પણ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો છે. આ આઈશરમાં ડ્રાઈવર મામેરૂ ભરીને તારાપુરથી ડભોડા લઈ જઈ રહ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે આઈશર ડ્રાઈવર સામે ગુનો દાખલ કર્યો છે જ્યારે ડભોડા પોલીસે ડ્રાઈવર પર હુમલા અંગે ગુનો દાખલ કરવા તજવીજ શરૂ કરી છે.



મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આજે ધોળાકુવા ગામમાં વણઝારા સમાજમાં એક લગ્નનું આયોજન થયુ હતુ. તેમાં સાબરમતીથી જાનૈયાઓ સવારે આવ્યા અને વાહનમાંથી ઉતર્યા ત્યારે શાહપુર ચોકડીથી લવારપુર રોડ તરફ બેફામ ગતિએ જતી આઈશર ટ્રક નં. જીજે.૧૮.યુ. ૮૩૮૫ના ચાલકે એક ૮ વર્ષના જાનૈયા બાળકને ટક્કર મારી કચડી નાંખતા ચકચાર મચી જવા પામી હતી. ૮ વર્ષના બાળક અજય માનાજી વણઝારાને જબરદસ્ત ગંભીર હાલતમાં પડતો મુકી આઈશર ટ્રકનો નિર્દય ચાલક તેને કેટલી ઈજા થઈ છે તે જોવા પણ ઉભો રહ્યો નહી અને આઈશર લવારપુર તરફ દોડાવી મુક્યુ હતુ. એક તરફ ગંભીર હાલતમાં અજયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો પરંતુ ત્યાં તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. તો બીજી તરફ રોષે ભરાયેલા જાનૈયાઓએ આઈશરનો પીછો કરી લવારપુર પેટ્રોલ પંપ નજીક આંતરી લઈ ડ્રાઈવરને ટ્રકમાંથી ઉતારી ઢોર માર માર્યો હતો. ડ્રાઈવરને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બાળકને મોતને ઘાટ ઉતારનાર આઈશર ચાલક સામે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ ટોળાએ ડ્રાઈવર પર હુમલો કરતા તે ઘાયલ થતા દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટના ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં બનતા ડભોડા પોલીસે ડ્રાઈવર પર હુમલા પ્રકરમમાં ટોળા સામે ગુનો દાખલ કરવા તજવીજ કરી છે પરંતુ મોડી સાંજ સુધી ડ્રાઈવરનું નિવેદન પોલીસ લઈ શકી ન હોવાથી ગુનો નોંધાયો ન હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જે આઈશર ટ્રકે બાળકને ટક્કર મારી તે આઈશર પણ એક લગ્ન પ્રસંગમાં જઈ રહી હતી. તારાપુરથી મામેરૂ ભરીને આ આઈશર ડ્રાઈવર ડભોડા ખાતે લગ્ન સ્થળ પર લઈ જઈ રહ્યો હતો. આ મામેરૂનો સામાન બપોરે અકસ્માતગ્રસ્ત ટ્રકમાંથી નિકાળી અન્ય વાહનમાં ડભોડા લગ્ન સ્થળે લઈ જવા તજવીજ કરાઈ હતી.



## શહેરમાં ગેરકાયદે ઉભા કરી દીધેલા વધુ ૨૦૦ હોર્ડીંગ્સ ઉખાડી દેવાયા

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તથા આંતરીક માર્ગો ઉપરાંત સર્કલો આસપાસ વેપારીઓએ વાણિજયીક હેતુસર ગેરકાયદે હોર્ડીંગ્સ-બેનરો અડચણરૂપ તથા જોખમરૂપ ઉભા કરી દીધા છે. આ હોર્ડીંગ્સ અને બેનર અગાઉ પણ તંત્ર દ્વારા ઉઠાવી લેવાયા હતા અને તે હોર્ડીંગ્સ જેના હતા તેના માલિકો પાસે દંડ ઉઘરાવવાની કવાયત થઈ હતી. ફરીથી શહેરમાં ઠેર ઠેર આ પ્રકારના હોર્ડીંગ્સ લાગી જતા આજે દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે પુનઃ આ ઝુંબેશ શરુ કરી હતી. શહેરમાંથી ૨૦થી વધુ હોર્ડીંગ્સ-બેનરો ઉખાડી દઈ તંત્ર દ્વારા જપ્ત કરી દંડનીય કાર્યવાહી શરુ કરવા તજવીજ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો આ કેરી... અને કેરી વાળાને પુછી... કાર્બાઈડની પડીકી વેચવાવાળાનું સરનામું લાવ્યો છું...

# સે-૨૮ જીઆઈડીસીના અવાવરૂ કુવામાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

**સોમવારથી લાપતા જીઈબી છાપરાના યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યું : આપઘાત કર્યો હોવાની આશંકાએ પોલિસ તપાસ શરૂ**

ગાંધીનગર, તા.૯

શહેરના સેક્ટર-૨૮ જીઆઈડીસી નજીક આવેલા અવાવરૂ કુવામાં કોઈ અજાણ્યા યુવાનનો મૃતદેહ પડેલો જોઈ રાહદારીએ ફાયરબ્રિગેડને કોલ કરી બોલાવી હતી. ફાયરબ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢી પોલીસને જાણ કરતાં સે-૨૧ પોલિસ સ્થળ પર આવી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી તપાસ કરતા સોમવારથી લાપતા જીઈબી છાપરાના યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યું છે. કોઈ કારણોસર યુવાને આપઘાત કર્યો હોવાની આશંકાએ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના ખ-૭ થી ક-૭ તરફના માર્ગની બાજુમાં સે-૨૮ જીઆઈડીસી નજીકથી એક રાહદારી નીકળ્યા હતા ત્યારે અવાવરૂ કુવામાં તેમનું ધ્યાન જતા અંદર એક અજાણ્યા યુવાનનો મૃતદેહ પડેલો જોઈ તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી.



ફાયર ઓફીસર મહેશ મોડની ટીમે સ્થળ પર પહોંચી અજાણ્યા યુવાનને ૧૦૦ ફુટ ઉંડા કુવામાંથી બહાર કાઢી ૧૦ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. જો કે તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતુ. સે-૨૧ પોલિસ મથકના પીએસઆઈ ટી.બી. પંડયાએ મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરતા આ યુવાન જીઈબી છાપરામાં રહેતો ૨૫ વર્ષીય પુરણભાઈ રશીયાભાઈ બાવરી હોવાનું ખુલ્યું છે.

સોમવારથી આ યુવાન ઘરેથી લાપતા હતો તેણે કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાની શંકાને આધારે સે-૨૧ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જો કે યુવાને આપઘાત કર્યો છે કે અન્ય કોઈ રીતે તેનું મૃત્યું થયું છે ? તે બાબત હજુ સુધી સ્પષ્ટ થઈ શકી નથી.

## શહેરમાં માર્ગ અકસ્માતો ઘટાડવા સેક્ટરો વચ્ચેના ક્રોસ રોડ બંધ કરવા માંગ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વધતા જતા માર્ગ અકસ્માતોના પગલે શહેરના જાગૃત નાગરિક તથા સામાજિક કાર્યકર એડવોકેટ હિતેશ બી. રાવલ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી ટ્રાફિક સમસ્યા નિવારણ તથા અવેરનેસ બાબતે પગલાં લેવા માંગ કરવામાં આવી છે. આ પત્રમાં તેમણે ગાંધીનગરમાં ટ્રાફિકની સમસ્યા તેમજ અકસ્માતોને નિવારવા કેટલાક પગલાં સૂચવ્યાં છે.

ગાંધીનગરના વિશાળ રાજમાર્ગો પર સર્કલ-ટુ સર્કલ સળંગ માર્ગ રાખી વચ્ચેના ક્રોસ રોડ બંધ કરવાનું સૂચન કરવા સાથે શહેરના ચ-રોડ, ઘ-રોડ તથા ખ-રોડ પરના ગેરકાયદેસર કોમર્શિયલ દબાણો સત્વરે દૂર કરવા માંગ કરી છે. એક સામાજિક કાર્યકર હોવાને નાતે શહેરની સિવિલ હોસ્પિટલમાં સેવાઓ આપવાના અનુભવને આધારે તેમણે શહેરમાં થતા માર્ગ અકસ્માતોમાં અંદાજે એંસી ટકા જેટલા અકસ્માતોમાં ફેટલ થતા હોવાનો અંદાજ મુકી શહેરમાં ટ્રાફિક અવેરનેસ વધારવા પગલાં લેવા અનુરોધ કર્યો છે.

## આજે રાંધેજા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ નજીક કૃષ્ણનગરમાં ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની અનાવરણ ઉજવણી તા. ૧૦મીએ બુધવારે સવારે ૮.૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષપદે સામાજિક ન્યાય અને અધિકારિતા તથા મહિલા આને બાળ વિકાસ વિભાગના મંત્રી આત્મારામ પરમાર ઉપસ્થિત રહેશે.

દેશના બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડૉ. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા અનાવરણ વિધિમાં અતિથિ વિશેષ પદે અસારવાના ધારાસભ્ય આર.એમ. પટેલ તથા સુપ્રિટેન્ડન્ટ કસ્ટમ્સ આર.કે. ચૌહાણ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આમંત્રિત મહેમાનોમાં રાંધેજા ગામના સરપંચ જશુજી પરમાર, જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર, ગાંધીનગર એપીએમસી ચેરમેન રસીકભાઈ પટેલ, તાલુકા ઉપપ્રમુખ સરોજબેન ભગત, ઉદ્યોગપતિ મુકેશભાઈ પરમાર, બોટાદ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ જગદીશભાઈ ચાવડા તથા ડૉ. આંબેડકર એવોર્ડ વિજેતા સામાજિક કાર્યકર્તા ઈશ્વરભાઈ પરમાર ઉપસ્થિત રહેશે. રાંધેજા યુવક મિત્ર મંડળ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ઉપસ્થિત રહેવા દલિત સમાજ સહિત તમામ નાગરિકોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આજે સે. ૧૪માં જય અંબે મંદિરનો દસમો પાટોત્સવ

ગાંધીનગરના સેક્ટર-૧૪ ખાતે શ્રી જય અંબે મંદિરના દસમા પાટોત્સવનું તા. ૧૦ મે બુધવારે સવારે ૮ કલાકથી આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવમાં ધજા આરોહણ, મહાયજ્ઞ, આરતી તથા રાત્રે માતાજીના ભજનો તેમજ આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

પાટોત્સવમાં સવારે ૮ કલાકે ધજા આરોહણ કરાશે તથા ૮.૩૦ કલાકથી મહાયજ્ઞનો પ્રારંભ કરાશે. યજ્ઞના આચાર્ય કરૂણાશંકર નાગર છે જ્યારે યજ્ઞના યજમાન ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજર બાબુભાઈ પરમાર છે. યજ્ઞમાં સવારે ૧૧.૪૫ કલાકે શ્રીફળ હોમાશે તથા બપોરે ૧૨ કલાકે યજ્ઞ પુર્ણાહુતિ સાથે આરતી અને ત્યારબાદ સુખડી પ્રસાદ યોજાશે. આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શૈક્ષણિક નગરી ગાંધીનગરની યશકલગીનું સોનેરી પીંછુ એટલે ફિઝિયોથેરેપી કોલેજ

**અત્યાધુનિક ઉપકરણોથી સજ્જ આ સંસ્થામાં વિના મૂલ્યે ફિઝિયોથેરેપીની સારવાર અપાય છે : અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો : કોલેજને સાડા ચાર વર્ષના બી. ફિઝિયોથેરેપી કોર્સ માટે ૭૦ બેઠકોની ફાળવણી**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી વિદ્યાર્થીઓના ફિઝિયોથેરેપીના અભ્યાસ ઉપરાંત દર્દીઓ માટે પણ આશિર્વાદરૂપ બનવા પામી છે. વર્ષ ૨૦૧૫માં પ્રારંભ થયેલ આ કોલેજ ખાતે વિનામૂલ્યે ફિઝિયોથેરેપીની ઓપીડી તેમજ સારવારની સેવાઓ આપવામાં આવે છે જેનો અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ દર્દીઓ લાભ લઈ ચુક્યાં છે. દરરોજ આશરે ૭૦ થી ૮૦ દર્દીઓ અહીં સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલતી ઓપીડી તથા સારવાર સેવાનો લાભ મેળવે છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સેક્ટર-૧૨ ખાતેની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે સાડા ચાર વર્ષનો બી. ફિઝિયોથેરેપી કોર્સ ચલાવવાની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫માં ગુજરાત રાજ્ય હેલ્થ અને ફેમિલિ વેલ્ફેર ડિપાર્ટમેન્ટ તરફથી મંજૂરી મળેલ છે. આશરે ૧૬ હજાર ચોરસ મીટરમાં પથરાયેલ આ સંસ્થામાં દર વર્ષે ૭૦ બેઠકોનો પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ સાથે આ સંસ્થા વિનામૂલ્યે ફિઝિયોથેરેપીની ઓપીડી સારવારની સેવાઓ પણ પુરી પાડે છે.

હવે રાજ્યના શૈક્ષણિક ધામ તરીકે ઓળખાતા પાટનગરમાં ફિઝિયોથેરેપી કોલેજ યશકલગીનું સોનેરી પીંછુ બનીને ઉભરી આવી છે. આ સંસ્થા દ્વારા દર માસે ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં, શાળાઓમાં અથવા સામાજિક સંસ્થાઓમાં નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત સંસ્થા અત્યાર સુધીમાં ૧૫ થી વધુ કેમ્પનું આયોજન કરી ચુકી છે. આ ઉપરાંત સંસ્થાએ અમદાવાદમાં ગુજરાત કેન્સ સોસાયટી તથા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ સહિત અન્ય પાંચ હોસ્પિટલ સાથે એમઓયુ કર્યા છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઘડતર માટે અવારનવાર વિવિધ વિષયે સેમિનાર્સ, વર્કશોપ તથા કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે. આ સાથે સંસ્થામાં સંશોધન કાર્યને પણ પુરતુ પ્રાધાન્ય આપવામાં આવે છે જેનો લાભ દર્દીઓ તથા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે. સંસ્થામાં અત્યાધુનિક સાધનોથી સુસજ્જ ચાર લેબોરેટરીઓ જેમાં એનાટોમી, ફિઝિયોલોજી, એક્સરસાઈઝ થેરેપી અને ઈલેક્ટ્રો થેરેપીનો સમાવેશ થાય છે. અહીં જનરલ ઓપીડી ઉપરાંત મસ્ક્યુલો સ્કેલેટલ યુનિટ, ન્યુરોલોજી એન્ડ પિડિયાટ્રિક ઓપીડી તથા કાર્ડિયો રેસ્પારેટરી ઓપીડી જેવી ચાર પ્રકારની ઓપીડી સારવાર ઉપલબ્ધ છે.

ફિઝિયોથેરેપીના વિદ્યાર્થીઓ માટે અભ્યાસની દૃષ્ટિએ કોલેજના આચાર્ય સહિત પ્રાધ્યાપકોની અનુભવી ટીમ તેમની શૈક્ષણિક કારકિર્દીનું ઘડતર કરવા કાર્યરત છે. જેના કારણે આ સંસ્થામાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓ વધુ ઉત્સુક જોવા મળે છે. ખૂબ જ ટૂંકા ગાળામાં આ સંસ્થા ગાંધીનગરનું ગૌરવપ્રદ નામ બની જવા પામી છે.

### કઈ સારવાર અપાય છે

ફિઝિયોથેરેપી કોલેજ ખાતે સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન આપવામાં આવતી નિઃશુલ્ક સારવારમાં સાંધાનો દુઃખાવો, કમરનો દુઃખાવો, ફેક્ચર પછીની સારવાર, લકવાના હુમલા પછીની સારવાર, બાળકો માટે મગજના લકવાની સારવાર, ગરદનનો દુઃખાવો, ઘુંટણનો ઘસારો, રાંઝણ વગેરે સહિત અનેક પ્રકારની સારવારનો સમાવેશ થાય છે.



**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.**
**(ગુજરાત સરકારનું સાહસ)**
**સુધારો-૧**
**રીક્વેસ્ટ ફોર પ્રપોઝલ (આર.એફ.પી.) ફોર ફીઝીબીલીટ કમ ડી.પી.આર.**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ. (જી.એસ.આર.ડી.સી.) પાત્રતા ધરાવતી રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય ઈજનેરી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ તરફથી શક્યતાદર્શી અહેવાલ તથા ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા અને નીચે દર્શાવેલ પ્રોજેક્ટ / કામગીરી માટે ટેકનીકલ આસીસ્ટન્સ આપવા અંગે.

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | રસ્તાની પહોળાઈ (કિ.મી.) | પ્રોજેક્ટની કોસ્ટ (રૂા.) |
|---|---|---|---|
| ૧ | ઈમ્પ્રુવમેન્ટ એન્ડ અપગ્રેડેશન ઓફ | | |
| | ચાણસ્મા-હારીજ-સમી રોડ | ૪૦ | ૧૨૦૦૦ |
| | માલવણ-દસાડા-સમી-રાધનપુર રોડ | ૧૪૪ | |

રસ ધરાવતી કન્સલ્ટન્સી પેઢીઓ / કંપનીઓ/જોઈન્ટ વેન્ચર આર.એફ.પી. ડોક્યુમેન્ટ www.gsrdc.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અલગ પ્રોજેક્ટ માટે અલગ ડોક્યુમેન્ટ મેળવવાનું રહેશે.
ઓનલાઈન ટેન્ડર www.gsrdc.nprocure.com પર ભરવાના રહેશે. અગત્યની તારીખો નીચે મુજબ છે. વધુ વિગતો માટે વેબસાઈટ www.gsrdc.nprocure.com અને www.gsrdc.com જોવા વિનંતી છે.

**ઈ.ઓ.આઈ. માટે અનુસુચિ**

| | | |
|---|---|---|
| ૧ | ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવા માટેની તારીખ/સમય | તા. ૧૦/૫/૨૦૧૭ થી ૩૧/૫/૨૦૧૭ |
| ૨. | ડોક્યુમેન્ટની કિંમત | ઉપર મુજબ પ્રતિ એક ડૉક્યુમેન્ટ માટે ડી.ડી.ના સ્વરૂપમાં ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ચુકવી શકાય તે પ્રમાણે નોન રીફંડેબલ, અને નોન ટ્રાન્સફરેબલ સ્વરૂપમાં આપવાના રહેશે.<br>ઈ.એમ.ડી. દસ્તાવેજમાં જણાવ્યા અનુસાર. વધુ વિગતો માટે વેબસાઈટ જુઓ. |
| ૩. | સબમીશન કરવાની પદ્ધતી | ઈ-ટેન્ડરીંગ : www.gsrdc.nprocure.com |
| ૪. | પ્રિ-એપ્લીકેશન મીટીંગ | ૧૮/૫/૨૦૧૭ |
| ૫ | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ/સમય | ૦૧/૬/૨૦૧૬ : ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | પ્રિ-ક્વોલીફીકેશન બીડ ખોલવાની તારીખ (ઓનલાઈન) | ૦૧/૬/૨૦૧૭ : ૧૭.૩૦ કલાક સુધી |
| ૭. | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ભૌતિક સ્વરૂપે રજૂ કરવાની તારીખ / ટાઈમ | ટેન્ડર ફી અને ઈ.એમ.ડી.ની સ્કેન કોપી ટેન્ડર દસ્તાવેજોની સાથે વેબસાઈટ ઉપર અપલોડ કરવાની રહેશે.<br>તેના મુળ દસ્તાવેજો જી.એસ.આર.ડી.સી. ખાતે તા. ૧૨/૬/૨૦૧૭ થી ૧૯/૬/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન એટલે કે ૧૧.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.<br>નિયત સમયથી પહેલા / પછી અન્ય કોઈપણ માધ્યમથી સાદર કરેલ ટેન્ડર ફી / ઈ.એમ.ડી., જી.એસ.આર.ડી.સી. ખાતે સ્વીકારવામાં આવશે નહીં, તેમજ આ દસ્તાવેજો ભૌતિક રીતે રજૂ કરવામાં નહીં આવ્યેથી જી.એસ.આર.ડી.સી. દંડનીય પગલાં લેવા હકદાર રહેશે. |

**જનરલ મેનેજર (પ્રો.)**
**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ., ગ્રાઉન્ડ ફ્લોર, નિર્માણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર**
**ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫, ફેક્સ નં., Email : gsrdc@gmail.com**
માહિતી/૩૮૮/૧૭-૧૮